# જુવેનાઈલ એક્ટમાં ફેરફાર માટેની અરજી રદ

નવીદિલ્હી, તા. ૧૭

સુપ્રીમ કોર્ટે બુધવારે જુવેનાઈલ જસ્ટીસ એક્ટમાં ફેરફાર અંગે દાખલ કરવામાં આવેલી અરજી રદ કરી દીધી છે. આ અરજી જુવેનાઈલ જસ્ટીસ એક્ટમાં સગીરની વયમર્યાદા ૧૮થી ઘટાડીને ૧૬ વર્ષ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટનાં આ નિર્ણય બાદ એ સ્પષ્ટ થઈ ગયું છે કે હવે ગંભીર અપરાધોમાં સગીર વયની મર્યાદા ૧૮ વર્ષ જ રહેશે.

સુપ્રીમ કોર્ટે કિશોર ગણાતાં છોકરાઓની વયમર્યાદા ૧૮ વર્ષથી ઘટાડીને ૧૬ વર્ષની કરવાનો ઈનકાર કરી દિધો છે. જધન્ય અપરાધોમાં સંડોવાયેલા સગીરવયનાં કિશોર ન્યાય કાનુન હેઠળ સંરક્ષણથી વંચીત કરવા માટે દાખલ કરવામાં આવેલી અરજી બુધવારે રદ કરી દેવામાં આવી હતી.

મુખ્ય ન્યાયાધીશ અલ્તમસ કબીરની અધ્યક્ષતાવાળી બેન્ચે દિલ્હીમાં સામુહિક બળાત્કાર અને હત્યાની ઘટના બાદ દાખલ કરાયેલ તમામ જનહિતની અરજીઓ રદ કરી દેતા પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે કિશોર ન્યાય કાનુનમાં હસ્તક્ષેપ કરવાની આવશ્યક્તા નથી. ન્યાયાધીશે જણાવ્યું હતું કે અમે કાયદાની જોગવાઈને યોગ્ય ઠેરવીએ છીએ. આ કાયદામાં હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા નથી. રાજધાનીમાં ગતવર્ષ ૧૬મી ડિસેમ્બરે ચાલુ બસમાં મેડિકલની એક વિદ્યાર્થીની પર બળાત્કાર કર્યા બાદ તેની હત્યા કરી દેવાની ઘટનામાં એક સગીર કહેવાતી રીતે સંડોવાયેલો હોવાનો મામલો જાહેર થયા બાદ કિશોર ન્યાય કાનુનમાં સંશોધન માટે જનહિતની અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજીમાં જણાવાયું હતું કે બળાત્કાર જેવા જધન્ય અપરાધમાં સંડોવાયેલા સગીર બાળકને કિશોર ન્યાય કાનુન હેઠળ સંરક્ષણ મળવુ જોઈએ નહીં. કિશોર ન્યાય કાનુનમાં સંશોધન માટે દાખલ કરવામાં આવેલી આ અરજીનો દિલ્હી બાળ અધિકાર સંરક્ષણ પંચનાં ભુતપુર્વ અધ્યક્ષ આમોદ કંઠ સહિત અનેક લોકોએ જોરદાર વિરોધ કર્યો હતો. ગતવર્ષ ડિસેમ્બરમાં બનેલી બળાત્કારની ઘટનામાં કહેવાતી રીતે છ વ્યક્તિઓ સંડોવાયેલા હતા. તેમા એક સગીર વયનો છોકરો પણ હતો. જેની વિરોધ કિશોર ન્યાય વોર્ડમાં કાર્યવાહી ચાલી રહી હતી. આ વોર્ડ ૨૫ જુલાઈએ પોતાનો ચુકાદો સંભળાવશે. બળાત્કારની ઘટના બાદ ઘણાં દિવસો સુધી મૃત્યુ સામે ઝઝુમ્યા બાદ યુવતીનું ૨૯મી ડિસેમ્બરમાં સિંગાપોરની એક હોસ્પિટલમાં તેનું મૃત્યુ નિપજ્યું હતું. અરજીમાં કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સંરક્ષણ)



કાનુન ૨૦૦૦માં કિશોરને પરિભાષીત કરનારી જોગવાઈની કાયદેસરતાને પડકાર આપવામાં આવ્યો હતો. જોગવાઈ એમ કહે છે કે ૧૮ વર્ષની વયમર્યાદા પુરી થાય ત્યાં સુધી વ્યક્તિ સગીર ગણાશે. અરજીમાં એમપણ જણાવાયુ હતું કે કાયદાની કલમ ૨(કે), ૧૦ અને ૧૭ તર્કસંગત નથી અને આ અબંધારણીય છે. અરજીમાં એમપણ જણાવાયું હતું કે આ કાયદામાં સંશોધન કરવાની આવશ્યકતા છે. કારણ કે તેમાં કિશોરની શારીરિક અને માનસિક પરિપક્વતાનો ઉલ્લેખ નથી. એક અન્ય અરજીમાં અપરાધીક મનોવૈજ્ઞાનિકની નિમણુંકનો અનુરોધ કરવામાં આવ્યો હતો. જેથી તબીબી પરિક્ષણથી એ નિર્ધારીત થઈ શકે કે ક્યાંય આરોપી કિશોર સમાજ માટે જોખમરૂપ તો નહીં નિવડે ને? અત્રે ઉલ્લેખનિય છે કે ગતવર્ષ ૧૬મી ડિસેમ્બરે દિલ્હી ગેંગરેપમાં કહેવાતી રીતે સગીર વયનો છોકરો સંડોવાયેલો છે. તે બાબત જાહેર થયા બાદ તેવી માંગણી ઉઠી હતી કે જો કોઈ કિશોર આવા જધન્ય અપરાધમાં સામેલ હોય તો તેની વિરૂદ્ધ સામાન્ય આરોપીની જેમ જ સામાન્ય અદાલતમાં કેસ ચલાવો જોઈએ. દિલ્હીમાં થયેલા સામુહિક બળાત્કારની ઘટના બાદ એવી માંગ પણ ઉઠી હતી કે કાયદામાં કિશોર અપરાધીની ઉંમર ૧૮ વર્ષથી ઘટાડીને ૧૬ વર્ષની કરી દેવામાં આવે.

## રીટર્ન ફાઈલ નહીં કરનારા ૧૨ લાખ લોકોની ઓળખ કરાઈ

નવીદિલ્હી, તા. ૧૭

પરોક્ષકરની ચોરી કરનારાં લોકો સામે કડક પગલાં ભરવાનો સંકેત આપતા નાણાંમંત્રી પી. ચિદમ્બરમે જણાવ્યું હતું કે મહેસુલ વિભાગે એવા ૧૨ લાખ લોકોની ઓળખ કરી લીધી છે જેમણે રીટર્ન ફાઈલ કરવાનું બંધ કરી દીધું છે વિભાગ આવા લોકોની તપાસ કરશે.

કેન્દ્રિય ઉત્પાદને સીમા શુલ્ક બોર્ડ (સીબીઈસી)નાં મુખ્ય કમિશ્નર તથા મહાનિદેશકોનાં બે દિવસનાં ૨૮માં સંમેલનનાં ઉદ્‌ઘાટન બાદ ચિદમ્બરમે જણાવ્યું હતું કે આવકવેરા વિભાગની એવા ૧૨ લાખ લોકો પર નજર છે જેઓ સેવાકર રીટર્ન ભરતા નથી અથવા તો જેમણે રીટર્ન ફાઈલ કરવાનું બંધ કરી દીધું છે. તેમણે કર અધિકારીઓને જણાવ્યુંછે કે મહેસુલ એકઠી કરવી વિભાગનું સૌથી મહત્વપુર્ણ કામ છે. તેમણે આ લક્ષ્ય પ્રાપ્ત કરી લેવું જોઈએ. દેશનાં કુલ પરોક્ષ કરમાં એક તૃતીયાંશ ભાગીદારી સેવા કરની છે. સરકારની આશા છે કે ચાલુ નાણાંકિય વર્ષમાં તેના દ્વારા ૧.૮ લાખ કરોડ રૂપિયા એકઠા કરી શકાશે. ચિદમ્બરમે વિશ્વાસ અપાવ્યો હતો કે અર્થવ્યવસ્થાનો વૃદ્ધિદર ચાલુ નાણાંકિય વર્ષમાં લગભગ ૬ ટકા રહેશે અને મહેસુલ વિભાગ ચાલુ નાણાંકિય વર્ષમાં ૨૦૧૨-૧૩ની સરખામણીમાં પરોક્ષ કર એકઠો કરવામાં ૧૯ ટકાનાં વૃદ્ધિ લક્ષ્યને પ્રાપ્ત કરી શકશે.

તેમણે જણાવ્યું હતું કે ૨૦૧૨-૧૩માં અમે ગતવર્ષની સરખામણીમાં ૨૧ ટકાનો વધારો નોંધ્યો હતો. હવે અર્થવ્યવસ્થાનો વૃદ્ધિદર પાંચ ટકાથી વધુ રહેવાનો અનુમાન છે. મને એમ લાગે છે કે વૃદ્ધિદર લગભગ છ ટકા રહેવાને કારણે આપણે ગતવર્ષની સરખામણીમાં ૧૯ ટકા વધુ કર સંગ્રહ કરી શકીશું. નાણાંમંત્રાલયે ૨૦૧૩-૧૪માં ૫.૬૫ લાખ કરોડ રૂપિયા પરોક્ષકર એકઠો કરવાનો લક્ષ્યાંક મુક્યો છે. પરોક્ષકરમાં આબકારી જકાત ઉત્પાદન વેરો અને સેવાકરનો સમાવેશ થાય છે.

## મધુબનીમાં મધ્યાહ્‌ન ભોજન કર્યા બાદ ૫૦ બાળકો બિમાર

મધુબની, તા. ૧૭

બિહારનાં મધુબની જીલ્લાનાં વિસ્ફી નૂરચક ગામનાં નવટોલીયા સ્થિત મધ્ય વિદ્યાલયમાં ઝેરી મધ્યાહ્‌ન ભોજન જમ્યા બાદ લગભગ ૫૦ બાળકો બિમાર પડી ગયા છે. કહેવાય છે કે ભોજનમાં ગરોળી પડી હતી. વિસ્ફીનો હવાલો સંભાળતા ડૉ. એ.કે. પ્રભાતે જણાવ્યું હતું કે બિમાર બાળકોની સારવાર ચાલુ છે. તેમાનાં પાંચ બાળકોની સ્થિતિ અતીગંભીર છે. જ્યારે બાકીનાં બાળકો ભયમુક્ત છે. એમ કહેવામાં આવી રહ્યું છે કે ભોજન જમ્યા બાદ ઘણાં બાળકો બેભાન બની ગયા હતા.

નવટોલીયા સ્થિત મધ્ય વિદ્યાલયમાં મધ્યાહ્‌ન ભોજન કર્યા બાદ આજે બાળકોએ પેટમાં દુખાવો થતો હોય તથા ઉલટીની ફરિયાદો કરી હતી. ત્યારબાદ આ બાળકોને સ્વાસ્થ્ય કેન્દ્રમાં દાખલ કરવામાં આવ્યા હતા. મધ્યાહ્‌ન ભોજનની તપાસ કરતાં તેમાંથી એક મરેલી ગરોળી મળી આવી હતી. સ્વાસ્થ્ય કેન્દ્ર પર પહોંચેલા વિસ્ફીનાં અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટના અંગે તપાસ ચાલુ કરી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે બિહારનાં સારણ જીલ્લામાં એક સરકારી પ્રાથમિક સ્કુલમાં મધ્યાહ્‌ન ભોજન જમ્યા બાદ ભોજન ઝેરી હોવાને કારણે મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓની સંખ્યા વધીને ૨૨ થઈ ગઈ છે. સત્તાવાર સુત્રોએ જણાવ્યું હતુ કે એ સમાચાર સાચા છે કે મધ્યાહ્‌ન ભોજન જમ્યા બાદ ૨૨ વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા છે. તેમાં સ્કૂલની એક રસોઈ કરનારી મહિલાનો સમાવેશ થાય છે. અન્ય ૨૪ બાળકોનો હજુ પણ ગંભીર રીતે બિમાર છે. તેમની પટના મેડિકલ કોલેજની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

## કેદારનાથ મંદિરમાં મોટી તિરાડો પડી છે : અહેવાલ

નવી દિલ્હી,તા. ૧૭

કેદારનાથ મંદિરમાં કેટલીક જગ્યાઓએ મોટી તિરાડો પડી ગઈ છે અને આ તિરાડો સ્પષ્ટપણે નજરે પડે છે. ગયા મહિને ઉત્તરાખંડમાં વિનાશકારી પૂરના કારણે મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. ૫૦૦૦થી વધુ લોકો હજુ લાપત્તા થયેલા છે. ચાર ધામની યાત્રા સંપૂર્ણપણે ખોરવાઈ પડી હતી. આરકીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાના અધિકારીઓએ કહ્યું છે કે કેદારનાથ મંદિરની આસપાસ હજુ પણ બેથી છ ફૂટ જેટલો કાટમાળ પડેલો છે. આ કાટમાળને ખસેડવામાં ઘણો સમય લાગી શકે છે. અધિકારીઓનું કહેવું છે કે નુકસાનની ખાતરી કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. અલબત્ત કેદારનાથ મુખ્ય નુકસાનમાંથી બચી ગયું છે. એએસઆઈને કેદારનાથ મંદિરને પુનઃ સ્થાપિત અને પુનઃ વ્યવસ્થિત



કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. કેદારનાથ મંદિરને ગયા મહિનામાં ભેખડો ધસી પડવા અને પૂરના કારણે ભારે નુકસાન થયું હતું. એએસઆઈની દહેરાદૂન સર્કલની ટીમ ૧૧મી જુલાઈના દિવસે ધાર્મિક સ્થળ ઉપર પહોંચી હતી અને નુકસાનની પ્રથમ સમીક્ષા કરી હતી. આરક્યોલોજિસ્ટ અતુલ ભાર્ગવે માહિતી આપતા કહ્યું હતું કે ત્રણ સભ્યોની ટીમ ૧૧મી જુલાઈના દિવસે પહોંચી હતી અને પ્રાથમિક અહેવાલ ઉચ્ચ અધિકારીઓને સોંપી દેવામાં આવ્યો છે. ગર્ભગૃહને ભારે નુકસાન થયું છે. મંડાપાના પૂર્વીય ભાગને સૌથી વધારે નુકસાન થયું છે. કેટલાક પથ્થરો પશ્ચિમી ગેટથી તૂટી પડ્યા છે. દરમિયાન અન્ય અધિકારીઓ પણ ધાર્મિક સ્થળની સુરક્ષામાં લાગેલા છે અને નુકસાનની ખાતરીના પ્રયાસો કરી રહ્યા છે.

## ગોવાના મુખ્યપ્રધાનના કાફલાને અકસ્માત થયો

પણજી,તા. ૧૭

ગોવામાં મુખ્યમંત્રીના કાફલાને અકસ્માત નડતાં ત્રણ જવાનોને ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું છે. ગોવાના મુખ્યમંત્રી પનોહર પારેકરનો કાફલો અકસ્માતનો શિકાર થયો છે. આ બનાવમાં ઘાયલ થયેલા ત્રણ પોલીસ જવાનોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.જો કે મુખ્યમંત્રી બિલકુલ સુરક્ષિત હોવાનું જણવા મળ્યું છે. પોલીસના જણાવ્યા મુજબ આ બનાવ એ વખતે બન્યો હતો જ્યારે એક ખાનગી વાહનની નો એન્ટ્રી ઝોનમાં એન્ટ્રી થઈ ગઈ હતી અને કાફલાની એક પાઈલોટ જીપ સાથે ટકરાઈ ગઈ હતી. પોલીસ ઈન્સ્પેક્ટર રાજેન્દ્ર પ્રભુ દેસાઈએ કહ્યુંછે કેઆ બનાવ ગઈકાલે મોડી રાત્રે ૧૧.૩૫ વાગે બન્યો હતો જેમાં પાઈલોટ વાહનાના પોલીસ સહિત ત્રણને ઈજા થઈ છે.

ઘાયલ થયેલા ત્રણ પોલીસમાં પોલીસ પાઈલોટ જીપ ડ્રાઈવર ગજાનંદ સિરોદકર, હેડકોન્ટેબલ ઉમાકાંત દાવસ્કર અને વાયરલેસ ઓપરેટર ધ્યાનેશ્વર પેલીકરનો સમાવેશ થાય છે.

## વૈજ્ઞાનિકોએ કાનથી જોઈ શકાય તેવા યંત્રની શોધ કરી

કોઈકે એક વ્યક્તિને પૂછ્યું, ''જો તમારો કાન કાપી લેવામાં આવે તો શું થશે ?'' તેણે જવાબ આપ્યો, ''જો એવું થશે તો હું જોઈ નહીં શકું.'' આ જવાબ સાંભળીને સવાલ કરનાર વ્યક્તિ આશ્ચર્ય પામ્યો. તેણે પૂછ્યું કેવી રીતે ? તો જવાબ મળ્યો, ''હું ચશ્માં ક્યાં લટકાવીશ ?'' જોવા જઈએ તો આ એક જોક્સ માત્ર છે. પરંતુ વૈજ્ઞાનિકોએ તેની કંઈક અલગ જ અંદાજથી શોધ કરી છે. વૈજ્ઞાનિકોએ એક એવા ક્રાંતિકારી યંત્ર બનાવવાનો દાવો કર્યો છે જેની મદદથી અંધ લોકો પણ કાનની મદદથી જોઈ શકાશે.

ખરેખર સેન્સરયુક્ત આ યંત્ર મગજને એ વાતનો સંદેશો પહોંચાડશે કે કોઈ પણ વસ્તુનું નામ સાંભળીને તેની તસ્વીર બનાવી આપશે અને તેવું થશે ત્યારે આંશિક અંધ અને સંપૂર્ણ અંધ વ્યક્તિઓ અવાજના માધ્યમથી તસ્વીર જોઈ શકશે.

બ્રિટનમાં યુનિવર્સિટી ઓફ બાથના સંશોધન કરતાં એક દળે ડૉ. માઈકલ પ્રાક્સની આગેવાનીમાં એ વાતની જાણકારી મેળવી છે કે, આ યંત્રની મદદથી આંખોની તપાસ દરમ્યિાન અંધ લોકો કેવી પ્રતિક્રિયા આપે છે.

આ પરીક્ષણમાં ભાગ લેનાર લોકોએ વિશેષ યંત્રની મદદથી તસ્વીરોને સારી રીતે ઓળખી બતાવી હતી. એ પણ ત્યારે કે જ્યારે તેમને આ યંત્રનો ઉપયોગ કરવાની તાલીમ પણ બરાબર મળી નથી. વૈજ્ઞાનિકોને આશા છે કે આ યંત્રનો ઉપયોગ કરવાની જરૂરી તાલિમ આપ્યા પછી આ નૈત્રહીન લોકો કાન વડે જોવાની ક્ષમતા પ્રાપ્ત કરી શકશે.

## ડાન્સ બાર ન ખુલે તેવા પ્રયાસમાં સરકાર વ્યસ્ત

સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ મુંબઈમાં ડાન્સબારના માલિકો અને ડાન્સબારમાં કામ કરતી યુવતીઓમાં રાહત દેખાઈ રહી છે ત્યારે મહારાષ્ટ્ર સરકાર ડાન્સબાર ખુલે તેમ ઈચ્છતી નથી. આની સામે લડત ચલાવવા ઈચ્છુક છે. મહારાષ્ટ્રના ગૃહપ્રધાન આર આર પાટિલે કહ્યું છે કે ડાન્સબાર ફરી શરૂ ન થાય તેની ખાતરી કરવાના પ્રયાસ કરાશે. સરકાર આના માટે કાયદાકીય પગલાં લેશે. પ્રતિબંધ અંગે વર્ષ ૨૦૦૬ના નિર્ણય બાદ મધ્યમ વર્ગમાં લોકપ્રિય થયેલા પાટિલે કહ્યું છે કે વકીલો દ્વારા આ ચુકાદામાં અભ્યાસ કરવામાં આવશે અને ત્યારબાદ સમીક્ષા અરજી દાખલ કરવામાં આવે કે કેમ તે અંગે નિર્ણય કરવામાં આવશે. આ સંબંધમાં કોઈ નવો કાયદો પસાર કરવા સુપ્રીમની સંપૂર્ણ બેચ સમક્ષ રજૂઆત કરવામાં આવશે. પાટિલે એવા અહેવાલને રદિયો આપ્યો હતો કે સુપ્રીમના ચુકાદાથી તેમને ફટકો પડ્યો છે.

## ટુજીમાં અનિલ અંબાણીને સાક્ષી બનાવવાની માંગણી

નવી દિલ્હી,તા. ૧૭

સમગ્ર દેશને હચમચાવી મૂકનાર ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કૌભાંડમાં રિલાયન્સ એજીએજીના ચેરમેન અનિલ અંબાણી અને તેમના પત્ની ટીના અંબાણીને પ્રોસીક્યુશન સાક્ષી તરીકે બનાવવાની માંગણી સીબીઆઈએ કરતા આવનાર દિવસોમાં આ મામલો વધુ ચર્ચા જગાવે તેવી શકયતા છે. સીબીઆઈએ ટ્રાયલ કોર્ટ સમક્ષ જણાવ્યું હતું કે તે અનિલ અને ટીના અંબાણીને સાક્ષી તરીકે ઈચ્છે છે. સીબીઆઈએ પોતાની જુબાનીમાં ઘણી બધી તર્કદાર દલીલો કરી હતી. તેમની જુબાનીની જરૂર છે. કારણ કે કંપનીના કારોબારીઓ ઉપર આ કેસમાં આક્ષેપો થયેલા છે. આ ઉપરાંત કેસમાં આરોપી રહેલા કંપનીના કોરાબારીઓ દ્વારા સ્પષ્ટ જવાબો આપવામાં આવ્યા નથી. જો કે આ અરજીનો ટોચના રિલાયન્સના



એડીએજીના કારોબારી તરફથી ઉપસ્થિત થયેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતાગીએ વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે આ અરજીને ફગાવી દેવી જોઈએ. કારણ કે અનિલ અંબાણી અને ટીના અંબાણીને ત્રાસ આપવાના હેતુસર આ પ્રકારની અરજી દાખલ કરવામાં આવી છે. સીબીઆઈ અને રોગતાગીની તર્કદાર દલીલો થઈ હતી. રોહતાગીએ દલીલ કરી હતી કે કેસમાં બિનજરૂરી રીતે અનિલ અને ટીનાને હેરાન કરવાનો હેતુ રાખવામાં આવ્યો છે. સીબીઆઈ બિનજરૂરી રજૂઆત ન કરે તેવી માંગણી પણ તેમને કરી હતી. સીબીઆઈની હિલચાલ મામલામાં ફરી તપાસની દેખાઈ રહી છે. ટ્રાયલ અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે ત્યારે તેની અરજીને મંજૂરી આપવાની બાબત યોગ્ય રહેશે નહીં. ટ્રાયલના ભાગરૂપે ૧૩૦ પ્રોસીક્યુશન સાક્ષીઓની પહેલાથી જ ચકાસણી કરવામાં આવી ચૂકી છે. સીબીઆઈએ કહ્યું છે કે રિલાયન્સ એડીએજીના ઘણાબધા સાક્ષીઓની ટ્રાયલ દરમિયાન ચકાસણી કરવામાં આવી ચૂકી છે પરંતુ જુદા જુદા પાસાંઓ ઉપર તેમના યોગ્ય જવાબ મળ્યા નથી. આ જ કારણસર તેઓ અનિલ અને ટીના અંબાણીને પ્રોસીક્યુશન સાક્ષી તરીકે બોલાવવા માગે છે. મોંઘા સ્પેક્ટ્રમ મેળવવા માટે તેમના ફ્રન્ટ તરીકે સ્વાન ટેલિકોમ કંપની ઊભી કરવા બદલ રિલાયન્સના ટોચના ત્રણ અધિકારી મામલામાં ટ્રાયલનો સામનો કરી રહ્યા છે.

### ફફડતાં આંસુ (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

પઠાણને હવે પુત્ર યાદ આવ્યો. કહો ને કે પુત્ર નહીં નોકર યાદ આવ્યો. ઘરનું કામ વગેરે કરનાર તૈયાર થયો હતો ને?

અલી પાછો બોલાવાયો હતો. રાતનો સમય હતો. પઠાણ ચિક્કાર નશામાં હતો.

'કંકુ, હવે તારી જરૂર નથી. અલીને ઉછેરનાર ઘરમં આવી ગઇ છે.' કંકુ તો ડગાઇ ગઇ. અંદરના રૂમમાંથી પઠાણની બીજી પત્ની પાન ખાતી બહાર આવી. બે મહિનાથી બધું કામ જાતે કરતી નવી મા ને અલીની જરૂર જણાઇ હતી, નોકરની જરૂર જણાઇ હતી.

પઠાણ બરાડયો, 'કંકુ અલીને રસોડામાં લઇ જા અને બધું કામ સમજાવ. તારે ઘેર બધું કરતો જ હતો ને?'

કંકુ ગભરાઇ ગઇ હી. હજુ અલીની માલીશ ચાલુ હતી. અને જો તે બંધ થાય તો કદાચ અલી હતો તેવો બની જાય?

બંને અંદર ગયા. અલી રડસમ થઇ ગયો હતો. કંકુને તે કરગરવા લાગ્યો, "મા મને મુકીને ના જતી. અહીં આ લોકો મને જીવવા નહીં દે. મારી અમ્મા ની દશા મને ખબર છે." પણ ધ્રુજતી કંકુ પાસે કોઇ ઉપાય ન હતો. ન છૂટકે તે જવા ઉભી થઇ, પાછળ અલી સાડલો પકડી રડતો રડતો ઘસડાવા લાગ્યો. બારણામાં તો તેણે માને જાણે કે બાથ ભરી લીધી.

પઠાણથી આ "નાટક" સહન ન થયું... ઝપટ મારી અલીને ખેંચીને એક તમાચો ફટકારી દીધો. અલીને ચક્કર આવી ગયા. અલી પગનું સમતોલન ન સંભાળી શક્યો. તે અત્યંત ગભરાઇ ગયો હતો. કંકુ ધ્રુજતી ચાલે અને ફફડતા હૈયે ઉંબરો ઓળંગી ગઇ હતી.

પાછળ દરવાજો બંધ થયો હતો પઠાણનો બરાડો છેક સંભળાયો, "સાલા, નાટકબાજ, ચલ ઉભો થા." અને.... પઠાણનો હાથ કમરપટ્ટાના બક્કલ ઉપર ગયો.

## ટેલિકોમ સેક્ટરમાં ૧૦૦ ટકા સીધા વિદેશી રોકણને મંજૂરી મળી

નવી દિલ્હી, તા. ૧૭

સરકારે વિવિધ સેક્ટરમાં એફડીઆઈનાં ધોરણોને હળવા બનાવવા વચનનું પાલન કર્યું છે. ટેલિકોમ ક્ષેત્રમાં અને કિસ્સાવાર ધોરણે સંરક્ષણ ક્ષેત્રમાં ૧૦૦ ટકા સુધી સીધા વિદેશી રોકણ (એફડીઆઈ)ને મંજૂરી આપવામાં આવી છે. જો કે અરવિંદ માયારામ સમિતિએ રજૂ કરેલા વિઝનમાં સરકાર ઉણી ઉતરી છે.

મલ્ટિબ્રાન્ડ રિટેલ અને નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં એફડીઆઈની મર્યાદામાં કોઈ ફેરફાર કરાયો નથી અને સંરક્ષણ ક્ષેત્રમાં અત્યાધુનિક ટેકનોલોજીના કિસ્સામાં ૧૦૦ ટકા એફડીઆઈને પણ મંજૂરી આપવામાં આવી હોવાનું કહેવાય છે. વડાપ્રધાન મનમોહનસિંઘ અને તેમના કેબિનેટ પ્રધાનોએ લીધેલા નિર્ણયનો કેબિનેટની મંજૂરી સામે સરકાર આગામી થોડા દિવસોમાં અમલ કરવા માંગે છે. નીતિવિષયક મોરચે સરકારના સૌથી ઝડપી નિર્ણયોમાં આ નિર્ણયનો સમાવેશ થાય છે. વડાપ્રધાનની વડપણ હેઠળની એક બેઠક બાદ વેપાર અને ઉદ્યોગ પ્રધાન આનંદ શર્માએ જણાવ્યું હતું કે આ નિર્ણયો સર્વસમંતિથી લેવામાં આવ્યા છે અને તાકીદે કેબિનેટ નોટ તૈયાર કરશે તે પછી નવા ધોરણો મોડિફાઈ કરાશે, પેટ્રોલિયમ અને નેચરલ ગેસ શેર પાવર અને કોમોડિટી એક્સચેન્જ જેવા ક્ષેત્રમાં ૪૯ ટકા એફડીઆઈની મર્યાદા જાળવી રાખવામાં આવી છે પરંતુ હવે વિદેશી રોકાણ પ્રોત્સાહન બોર્ડ (એફઆઈપીબી)ની મંજૂરીની જરૂર રહેશે નહીં. વડાપ્રધાનના વડપણ હેઠળની ખાસ બેઠકમાં એસેટ રિકન્સ્ટ્રકશન અને ક્રેડિટ ઈન્ફૈશન કંપનીઓમાર એફડીઆઈની મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. આ બેઠક પહેલાં નાણાંપ્રધાન પી. ચિદમ્બરમ અને શર્માએ શ્રેણીબદ્ધ બેઠકો યોજી હતી. તેમણે નવા ધોરણોની કેબિનેટ સાથીઓને વિગતવાર માહિતી આપી હતી.

## રાજીવ ગાંધી હત્યા અંગે તપાસ અહેવાલ જાહેર કરવાનો હુકમ

નવી દિલ્હી,તા. ૧૭

સેન્ટ્રલ ઈન્ફરમેશન કમીશન (સીઆઈસી) દ્વારા રાજીવ ગાંધી હત્યા અંગે તપાસ અહેવાલ જારી કરવા સરકારને અપિલ કરવામાં આવી છે. સેન્ટ્રલ ઈન્ફરમેશન કમીશને ભૂતપૂર્વ વડાપ્રધાનના મોત સાથા સંબંધિત તપાસ અહેવાલ ઉપલબ્ધ કરાવવા સરકારને આદેશ આપવાની માંગ કરતી રાજીવ ગાંધી હત્યા કેસમાં અપરાધી પેરારી વાલનની અરજીને મંજૂરી આપીદીધી છે. કમીશને રાજીવ ગાંધી હત્યા અંગે અહેવાલ જાહેર કરવાની માંગણી કરવામાં આવી છે. જસ્ટીસ એમ સી જયંત અને જસ્ટીસ જે એસ વર્મા કમીશન દ્વારા તૈયાર કરવામાં આવેલા અહેવાલને જાહેર કરવાની માંગ કરવામાં આવી છે. તેમનો જવાબ આપવામાં વિલંબ કરવા બદલ ગૃહમંત્રાલયની જોરદાર ઝાટકણી કાઢવામાં આવી છે. રાજીવ ગાંધી હત્યા કેસમાં અપરાધીએ કેટલીક તર્કદાર દલીલો કરી હતી. ઈન્ફરમેશન કમીશનર સુષ્માસિંહે બે સપ્તાહની અંદર આદેશ જાહેર કરવા વીઆઈપી સિક્યુરિટી વિંગમાં આરટીઆઈ એપ્લેટ ઓથોરિટીને પણ આદેશ કર્યો છે. સીઆઈસી દ્વારા અહેવાલને જાહેર કરવાની માંગ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજીવ ગાંધી હત્યા મામલામાં પેરારી વાલન મૃત્યુદંડની સજાનો સામનો કરે છે. જૈન અને વર્મા કમીશન દ્વારા સુપરત કરવામાં આવેલા તમામ અહેવાલોની પ્રમાણિત નકલની માંગણી પણ આ અપરાધી દ્વારા કરવામાં આવી છે.

સત્તાવાર સંબંધિત દસ્તાવેજો રાષ્ટ્રપતિ દ્વારા દયાની અરજી ફગાવી દીધા બાદ રાહત અપાવી શકે છે. જસ્ટીસ વર્મા કમીશનની રચના ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યા તરફ દોરી જનાર સુરક્ષા ખામીમાં તપાસ કરવા ૨૭મી મે ૧૯૯૧ના દિવસે કરવામાં આવી હતી. ૨૧મી મે ૧૯૯૧ના દિવસે તામિલનાડુમાં રાજીવ ગાંધીની એલટીટીઈના આતંકવાદીઓ દ્વારા હત્યા કરવામાં આવી હતી. જસ્ટિસ જૈન કમીશને રાજીવ ગાંધીની હત્યા તરફ દોરી જનાર બનાવોમાં તપાસ કરી હતી. આમામલામાં તપાસ હાથ ધરાયા બાદ રાજીવ ગાંધી હત્યા કેસમાં પેરારી વાલન, મુરુગન, સંથાનને મૃત્યુદંડની સજા કરવામાં આવી હતી. તેની દયાની અરજી તત્કાલીન રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલે ફગાવી દીધી હતી. ૨૦૦૦માં કોર્ટ દ્વારા તેમની મૃત્યુદંડની સજાને યોગ્ય ઠેરવવામાં આવી હતી.

### ઉત્તરાખંડની આપત્તિ (પાના નં. ૪ નું ચાલુ)

તેઓ સરકારનો ઉઘડો લેતા કહે છે કે અંધાધૂંધ નિર્માણ કાર્યની મંજુરી આપવા માટે સરકાર પણ જવાબદાર છે. નદીઓની ધારામાં બાંધકામો કરવા એ ખતરાને નિમંત્રણ આપવા બરાબર છે. આ બધું જ જાણતાં હોવા છતાં આપણે તેમનાં માર્ગમાં અવરોધક બની રહ્યાં હોવાથી જ આપણને જાનમાલનું ભયંકર રીતે નુકસાન થયેલ છે. જેના માટે આપણે અને સરકાર પણ જવાબદાર છે.

શ્રી શ્રી રવિશંકર કહે છે કે, આપણા તીર્થધામોનું ખરાબ રીતે સંચાલન થાય છે. માળખાકીય સુવિધાઓની ખામી અને ભાવિકોનાં ઘસારાનો સામનો કરવાની અસમર્થતા છે. આ માટે અલગ જ સંસ્થાની રચના કરવી જોઈએ. વાતમાં સો ટકા સત્યનો રણકાર છે જ. સંખ્યાને નિયંત્રિત કરવી અને તેમનાં માટે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી એ તો પાયાની બાબત છે જ. સંખ્યા નિયંત્રિત કરવાની સાથે સાથે મામુલી રકમ લઈને અથવા તો આ રકમ સરકાર દ્વારા ભરીને દરેક યાત્રિકોને વિમાનું કવચ પુરા પાડે તો તે આપત્તિનાં સમયમાં સહાયરૂપ થઈ શકે. અને એવું દિવા જેવું સ્પષ્ટ લાગી રહ્યું છે કે હજયાત્રીઓને છેક મક્કા સુધી કોઈ તકલીફ કે અગવડ ન પડે તેનું પરતું ધ્યાન અને કાળજી સરકાર તરફથી રાખવામાં આવે છે. તેની સામે હિન્દુ યાત્રિકોને સુવિધા કે સલામતી તરફ સહેજે ધ્યાન રાખવામાં આવતું નથી. યાત્રા ખર્ચની તો વાત જ કયાં કરવી? ભગવાનને પ્રાર્થના કરીએ કે આ બાબતે ગંભીર રીતે વિચારવામાં આવે.